## જન્મદિને વધામણી



**ડો. હિમાંશુ પટેલ**
પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક સહકારી બેન્ક
મો. ૯૮૨૫૦ ૨૭૭૨૧



**પિનાકીન વ્યાસ**
સંગીતજ્ઞ, કલાગુરુ
મો. ૯૮૭૯૭ ૪૧૯૯૪

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ટ્યુબલાઇટ-૧.૩૦, ૪.૩૦
૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
ટ્યુબલાઇટ-૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
રાબતા-૧૨.૪૫
બાહુબલિ-૨ - ૩.૪૫
હિન્દી મીડિયમ - ૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ-૯.૩૦

**સ્ક્રીન-૫**
ટ્યુબલાઇટ
૧૧.૩૦, ૨.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૬**
ટ્યુબલાઇટ - ૫.૩૦
હિન્દી મીડિયમ
સવારે ૧૦.૦૦
રાબતા - ૧૨.૪૫

# સી. એમ. હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ



ગાંધીનગર, તા. ૨૭

શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ધોરણ -૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ તા. ગત શનિવારના રોજ બ્રહ્માણીકૃપા હોલ ખાતે યોજાઇ ગયો. પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. એડીશનલ ચીફ સેક્રેટરી ઓફ ધ હોમ ડિપાર્ટમેન્ટ એમ. એસ. ડાંગુર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય આઇ.વી.પટેલ, લાયઝન અધિકારી દેવિકાબેન ઠાકર, શાળાના માધ્યમિક વિભાગના પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મનુષ્ય તુ બડા મહાન હે ગૌરવ ગાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અને શાળાના રમતવીર દ્વારા ધ્યાન અને યોગ કરવામાં આવ્યા હતા.જ્યારે ધો-૯ ની પ્રવેશવિધિ અને પુસ્તક વિતરણ મહેમાનો દ્વારા નવા વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું. ધો-૧૦ માં શાળામાં વર્ષ ૨૦૧૬-૧૭માં દરેક વર્ગમાં પ્રથમ નંબર આવેલ વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાન દ્વારા પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું. ધો-૯ માં પ્રવેશ મેળવી ચૂકેલ ૯૦%થી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન મહેમાનોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન એમ.એસ.ડાંગુર દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદબોધન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થી જીવન અતિ મહત્વનો તબક્કો છે. આ સમય ગાળાનો સારો ઉપયોગ કરી અને આપ આપના લક્ષ મુજબ ઉંચી સિધ્ધિ પ્રાપ્ત કરો એમ તેમણે જણાવ્યું હતું.

શાળાના પ્રિન્સિપાલ બચુભાઇ કે પટેલ દ્વારા મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થી પટેલ મીત અનિલભાઇ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે, ઉપસ્થિત મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.




અમદાવાદના ગુજરાતી દૈનિક 'તોફાની તાંડવ' દ્વારા રવિવારે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે એક કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પચાસ જેટલા નવોદિત કવિઓએ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી. અખબારના તંત્રી જિગર ઠક્કર અને કવિ સાકેત દવેએ આ મહેફિલનું આયોજન કર્યું હતું. ગાંધીનગરના કવિ નિરંજન શાહે આ કાર્યક્રમની યજમાનગીરી સંભાળી હતી. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ડેપ્યુટી ચેરમેન, કવિ રમેશ ઠક્કર અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ સંજય થોરાત આ કાર્યક્રમમાં અતિતિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

# સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા 'તંદુરસ્ત બાળક સ્પર્ધા' યોજાઈ



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા ગત શનિવારના રોજ સેક્ટર -૨૩ કડી કેમ્પસમાં આવેલ નથીબા કોલેજના હોલમાં 'તંદુરસ્ત બાળક' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તંદુરસ્ત બાળકની સુંદર આંખ,વાળ,હાસ્ય,કપડાં,અને તન્દુરસ્તી એમ અલગ અલગ કેટેગરી રાખવામા આવી હતી, જેમાં લગભગ ૧ થી ૪ વર્ષના ૫૮ બાળકોએ ભાગ લીધો હતો.દરેક કેટેગરીમાથી એક એક નંબર આપવામાં આવ્યા હતા. દરેક વિજેતા બાળકને ઈનામ તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ દરેક ભાગ લેનાર દરેક બાળકને પ્રમાણપત્ર અને કેક આપવામાં આવી હતી.આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગરના બાળકોના નિષ્ણાત ડો સતિશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા .તેમણે આ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. સર્વ વિધ્યાલયના ચેરમેન સાહેબ શ્રી સરદારભાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# સ્વામી યોગાનંદ હાઈસ્કૂલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન



ગાંધીનગર, તા. ૨૭

જીઈબી કોલોની ખાતે સ્થિત શ્રી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ ખાતે ૧૯૯૪ના વિદ્યાર્થીઓનું સ્નેહમિલન તાજેતરમાં ગોઠવવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે પૂર્વ વિદ્યાર્થીઓ એકઠા થઈને શાળામાં આવ્યા હોય ને પોતાના ગુરુજનોને મળ્યા હોય એવી આ બીજી ઘટના તાજેતરમાં યોગાનંદ હાઈસ્કૂલ ખાતે બની હતી. ૧૯૯૪ની બેચના ચિરાગ ભાવસાર, હિરેન માંકડ, વિજય મકવાણા, મહેન્દ્ર ચુડાસમા, જગદીશ રાઠોડ, અલ્પાબેન પટેલ, નિલેષ જોષી, હિરલ અમીન અને જિજ્ઞેશ શ્રીમાળી સહિત મોટાભાગના વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. એમાંય શીતલ પરમાર તો અમેરિકાથી આવીને અહીં ઉપસ્થિત રહ્યાં હતાં. સૌ વિદ્યાર્થીઓએ પ્રથમ પોતાની વહાલી શાળામાં ફરીને વર્ગેવર્ગ સાથેની પોતાની યાદો તાજી કરી હતી અને પછી તેઓ પોતાના ગુરુજનોને સ્નેહથી મળ્યા હતા. નિવૃત્ત થયેલા શિક્ષકોને પણ આ પ્રસંગે યાદ કરીને વિદ્યાર્થીઓએ શાળામાં બોલાવ્યા હતા. એ પછી સૌ શિક્ષકો, જૂના વિદ્યાર્થીઓ અને નવા વિદ્યાર્થીઓએ સાથે મળીને એક સભાનું આયોજન પણ કર્યું હતું, જેમાં ગુરુજનોએ જૂના વિદ્યાર્થીઓ સાથેની પોતાની યાદો તાજી કરી હતી અને સૌને આશીર્વચનો પાઠવ્યાં હતાં.

## ડાયરેક્ટ ❤ સે

બ્રહ્મનો અજવાસ રોમરોમમાં,
સૂર્યનો અજવાસ રોમરોમમાં.
હો અમીરી કે ગરીબી, સ્થિરતા;
સ્થિતપ્રજ્ઞવાસ રોમરોમમાં.

- દિનેશ દેસાઈ




(૧) વર્ષ-૨૦૧૭માં યોજાનાર ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર તરીકે કયા રાજનેતાના નામની જાહેરાત કરવામાં આવી છે ?
(A) રામનાથ ગોવિંદ
(B) *રામનાથ કોવિંદ*
(C) રામપ્રસાદ ગોવિંદ
(D) રામપ્રસાદ કોવિંદ

(૨) વર્ષ ૨૦૧૭માં યોજાનાર ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીના ઉમેદવાર રામનાથ કોવિંદ અગાઉ કયા રાજ્યના રાજ્યપાલ હતા ?
(A) યુપી
(B) પશ્ચિમ બંગાળ
(C) સિક્કીમ
(D) *બિહાર*

(૩) ભારતમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં યુપીએ ગઠબંધનના ઉમેદવાર તરીકે કોની જાહેરાત કરવામાં આવી છે ?
(A) *મીરા કુમાર*
(B) માર્ગરિટ આલ્વા
(C) લાલુ યાદવ
(D) સોનિયા ગાંધી

(૪) ગુજરાતમાં અંગદાન પ્રવૃત્તિમાં સૌથી મોખરાનું સ્થાન હાંસલ કરનાર પ્રથમ શહેર કયું છે ?
(A) ગાંધીનગર
(B) અમદાવાદ
(C) *સુરત*
(D) રાજકોટ

(૫) તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં અસામાજિક તત્ત્વોના ટોળાએ હિંસલ હુમલો કરતાં કયા ડીએસપી શહીદ થયા હતા ?
(A) *મોહંમદ અયુબ પંડિત*
(B) મોહંમદ અયુબ શેખ
(C) મોહંમદ અયુપ પંડિત
(D) મહોમંદ અયુપ શેખ

(૬) તાજેતરમાં પાકિસ્તાનનાં બે શહેરોમાં રમઝાનના પવિત્ર તહેવારમાં ભયંકર વિસ્ફોટ થતાં કેટલા લોકોનાં મોત થયાં હતાં ?
(A) ૩૬ (B) *૩૭*
(C) ૩૮ (D) ૩૯

(૭) તાજેતરમાં જાહેર થનાર વિશ્વના ટોચના મોંઘા શહેરોની યાદીમાં મુંબઈ શહેરને કયું સ્થાન મળ્યું છે ?
(A) ૫૬ (B) ૫૮
(C) *૫૭* (D) ૫૯

(૮) ઓરિસ્સાના ભુવનેશ્વરમાં નીકળતી પરંપરાગત ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભગવાન શ્રીકૃષ્ણના રથને કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) આનંદ રથ
(B) *નંદીઘોષ*
(C) અગ્રરથ
(D) વિજય રથ

(૯) પુરીમાં યોજાતી પરંપરાગત રથયાત્રામાં ભગવાન બલરામજીના રથને કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) પાલખી રથ
(B) ગરુડ રથ
(C) વિજયતાલરથ
(D) *તાલધ્વજરથ*

(૧૦) જગન્નાથ પુરીમાં નીકળતી જગન્નાથજીની રથયાત્રામાં દેવી સુભદ્રાના રથને કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) સૂર્યરથ
(B) વિભૂષણરથ
(C) *પદ્મરથ*
(D) ધર્મનરથ

# આંસુઓનાં વહેણમાં વહી જતી લાગણીઓ અને સંબંધો

એક દંપતી. લગ્ન પછી પાંચેક વર્ષ દાંપત્યજીવન સરસ રીતે ચાલ્યું. દંપતીને એક બાળક પણ થયું. ત્યાર પછી બંને વચ્ચે ખટરાગ ઊભો થયો. રોજ એકબીજા ઉપર નાની નાની વાતમાં આક્ષેપો અને પ્રતિઆક્ષેપો. ક્યારેક પતિ પત્ની ઉપર હાથ પણ ઉપાડે અને સામે પક્ષે પત્ની ગાળો પણ ભાંડે. બંને વચ્ચે મતભેદ થતાં ગયા અંતે એ મતભેદ મનભેદમાં પરિણમ્યા. પત્નિ બાળકને સાથે લઈને પિયરમાં રહેવા જતી રહી. દોઢ-બે વર્ષ પત્ની પિયરમાં રહી પછી તેને પણ પતિનો વિયોગ સાલવા લાગ્યો. બાળક મોટું થયું એમ તેને પણ પપ્પાની જરૂરિયાત લાગવા માંડી. પતિ સમાધાન ના કરવા માટે પોતાના મનમાં એકદમ મક્કમ હતો. પતિનો એક મિત્ર, જેને પત્નિના કુટુંબ સાથે પણ સારા સંબંધો હતા તેનો પત્નિએ સંપર્ક કર્યો, પોતાની આપવીતી કહી અને બંને વચ્ચે મધ્યસ્થી બની ને સમાધાન કરાવવા વિનંતી કરી. મિત્રએ બંને સાથે અલગ અલગ વાત કરી, બંનેના મંતવ્યો જાણ્યા અને પોતાની ઉપસ્થિતિમાં બંનેની એક મુલાકાત ગોઠવી. પત્નિ બાળક સાથે જ મુલાકાત માટે આવી. લગભગ ત્રણેક કલાક વાતચીત, મંત્રણા, પોતપોતાની શરતો અને અંતે સમાધાન થયું અને નક્કી થયું કે બેચાર દિવસમાં જ બંનેએ સાથે રહેવાનુ શરૂ કરવું.

એમ જ થયું. આજે એ વાતને લગભગ પચીસેક વર્ષ થઈ ગયા છે. બંને સુખેથી રહે છે. બંને વચ્ચે અણધાર્યું, બહુ જ ઓછા સમયમાં સમાધાન થઈ ગયું એનું મિત્રને પણ આશ્ચર્ય થયું. મિત્રએ પતિને એકાંતમાં આ વિષે પૂછ્યું ત્યારે પતિએ જે કહ્યું એ ખૂબ જ મહત્વનુ છે. પતિ-પત્ની વચ્ચેની મંત્રણા દરમિયાન એક-બે વખત પત્ની ડૂસકે ડૂસકે ચોધાર આંસુએ રડી હતી. તેને રડતી જોઈને પાંચ-છ વર્ષનું બાળક પણ હીબકે ચડ્યું હતું અને પોતાની મમ્મીને છાની રાખવા પ્રયત્ન કરતું હતું. પતિએ એ કહ્યું કે "પોતે જ્યારે મંત્રણા માટે આવ્યો હતો ત્યારે સમાધાન કરવાની કોઈ જ માનસિક ભૂમિકા સાથે આવ્યો ના હતો, પણ પોતે પોતાની પત્નિ અને બાળકનું રુદન અને તેના આંસુઓ ના જોઈ શક્યો. બાળક અને પત્નિના આંસુઓએ તેને પથ્થરમાથી મીણ જેવો કરી દીધો અને પોતે ખરેખર એ આંસુઓથી પીગળી ગયો. પત્ની અને બાળકના આંસુઓએ તેની માનસિકતા બદલી નાખી અને તુરત જ સમાધાન માટે તૈયાર થઈ ગયો."

આંખના આંસુઓ અને માનવીય સંબંધોને ગાઢ સંબંધ છે. જ્યાં સંબંધ હોય ત્યાં આંસુઓ તો હોય જ. એ આંસુઓ વિરહના હોય, વિયોગના હોય, મિલનના હોય, પ્રેમ ના હોય, સ્નેહના હોય, કે નફરતના પણ હોય. જે સંબંધમાં આંસુઓ ના હોય એ સંબંધ કદાચ સાચો સંબંધ ના પણ હોય શકે. આંસુ એ સાચુકલા સંબંધોની નિશાની છે.

વ્યક્તિના હૈયામાં લાગણીઓ જ્યારે છલકાઈ જાય છે, વ્યક્તિ જ્યારે પોતાની લાગણીઓ અન્ય કોઈ પણ પ્રકારે વ્યક્ત નથી કરી શક્તી, વ્યક્તિ પાસે જ્યારે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટે શબ્દો




નથી હોતા, ત્યારે એ આંસુના માધ્યમ દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. આંસુ એ લાગણીઓ વ્યક્ત કરવાનું પણ એક સબળ માધ્યમ છે.

કોઈ વ્યક્તિ જ્યારે રુદન કરીને આંસુ સારે છે ત્યારે તેની પાછળના બે મજબૂત કારણો હોય શકે. એક, કોઈ સ્નેહી, સંબંધી કે એકદમ નજીકની વ્યક્તિનો વિરહ કે વિયોગ સાલતો હોય. આંસુ સારવાનું બીજું કારણ એ હોય શકે કે વ્યક્તિ સામે કોઈક એવા સંજોગો ઊભા થાય હોય કે વ્યક્તિ એકદમ લાચાર થઈ ગઈ હોય. વ્યક્તિ પોતે એવું માનવા લાગી હોય કે પરિસ્થિતી સંપૂર્ણપણે પોતાના કાબૂ બહાર ચાલી ગઈ છે અને પોતે એ સંજોગોમાં કઈ જ કરી શકે એમ નથી. વ્યક્તિને જ્યારે સંજોગોએ મજબૂર કરીદીધી હોય છે, પોતે પરિસ્થિતી સામે લડી શકે એમ નથી એવા સંજોગો ઊભા થયા હોય, વ્યક્તિએ પોતે પોતાના બધા જ હથિયારો હેઠા મૂકી દીધા હોય છે પોતે સંજોગો સામે લડવા ઈચ્છતી જ ના હોય અને એવા સંજોગોમાં વ્યાકતો આંસુ સારે એહે ત્યારે સમાજ વ્યક્તિના એ આંસુને તેની નબળાઈ પણ માની લેતો હોય છે. હકીકતમાં વ્યક્તિની એ નબળાઈ નથી હોતી પણ મજબૂરી હોય છે.

કેટલીક વ્યક્તિઓ રડતી નથી, રડી શકતી નથી. પોતાના રુદનને હૃદયમાં ધરબી દે છે. પોતાના આંસુઓને છુપાવી રાખે છે. ક્યારેક વડીલો પોતાના બાળકોની હાજરીમાં પોતાના આંસુઓ છુપાવે છે. પુરુષો સ્ત્રીની હાજરીમાં રડી શકતા નથી. વ્યક્તિ પોતાના આંસુઓ છુપાવી શક્તી હોય પણ લાગણીઓ છુપાવી શક્તી નથી. આંસુઓને પોતાની અંદર જ ધરબી દેવાથી વ્યક્તિના શરીર અને માનસ ઉપર વિપરીત અસરો થતી હોય છે. સતત આવું થાય તો ક્યારેક વ્યક્તિ માનસિક તાણનો પણ શિકાર બની શકે છે. વ્યક્તિ ઘણીવાર જાહેરમાં રડી શક્તી નથી પણ જો અંગત રીતે, એકલા પણ રડીને પોતાના આંસુઓ સારી લે તો વ્યકિત થોડી હળવાશ અનુભવી શકે છે.

વ્યક્તિને પીડા થાય છે, દુખ થાય છે, વેદના થાય છે ત્યારે જ આંસુઓ સારે છે એવું નથી. વ્યક્તિ જ્યારે અનર્ગલ આનંદ અનુભવે છે, વ્યક્તિને જ્યારે સાનંદાશ્ચર્ય થાય એવા સમાચાર મળે છે, વ્યક્તિ જ્યારે પેટ પકડીને હસે છે, વ્યક્તિ જ્યારે બીજી વ્યક્તિના આંસુ જુવે છે ત્યારે પણ તેની આંખોમાં આંસુ આવી જાય છે. માત્ર આનંદ કે વડના જ નહીં, ક્યારેક અતિશય ગુસ્સામાં પણ વ્યક્તિની આંખો ભીની થઈ જાય છે.

માનવીય સંબંધોમાં આપણને જે વ્યક્તિ ઉપર વિશ્વાસ હોય, જે વ્યક્તિ ઉપર પૂરો ભરોસો હોય, જે વ્યકિત આપણાં જીવનની ગોપનીયતાને અકબંધ રાખી શકે, એવી જ વ્યકિત સમક્ષ આપણે આપણાં આસું સારીને, આપણી લાગણીઓ વ્યક્ત કરીએ છીએ અને આપણું હૈયું હાલવુફૂલ કરીએ છીએ. સંબંધોમાં આંસુ એ વિશ્વાસનું પ્રતિક છે.

વ્યક્તિ જ્યારે સંબંધોમાં તાણ અનુભવે છે, વ્યક્તિને જ્યારે સંબંધો થકી દૂઃખ, વેદના કે પીડા થાય છે, ત્યારે પણ આંસુઓ સારે છે. વ્યક્તિની વેદના, દુઃખ કે પીડા જ્યારે આંખમાથી આંસુઓ રૂપે વહે છે ત્યારે તેના ગળે અને હૈયે બાઝેલો ડૂમો ઓગળી જાય છે, હળવી ફૂલ થઈ જાય છે, તાણ મુક્ત થઈ જાય છે અને પરિણામે તે સ્વસ્થતાનો આહ્લાદક અનુભવે કરે છે. સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો, આપ્તજનો સાથેના મિલન કે તેઓના વિયોગના કારણે વહેતા આંસુઓ, તેઓ પાસે પોતાની વેદના કે વ્યથા વ્યક્ત કરવા માટે વહેતા આંસુઓ, તેઓની પાસેથી કઈક મદદ માંગવા માટે વહેતા આંસુઓ, એ આંસુઓ નથી હોતા પણ બંને વચ્ચેના સંબંધોનો એક સેતુ હોય છે. સમબન્ધોના વહેણમાં આંસુઓ રૂપે વહેતી લાગણીઓ બંને વ્યક્તિઓને વધારે નજીક લાવે છે, બંને વચ્ચેના સંબંધોને વધારે ગઢ બનાવે છે, પ્રગાઢ બનાવે છે અને બંને વચ્ચે આત્મીયતા વધારે છે.



# આજે ગાંધીનગરની ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતી મેળાનું આયોજન તા.૨૮મી જૂન, ૨૦૧૭ના રોજ સવારના ૧૦.૦૦ થી બપોરના ૨.૦૦ કલાક દરમ્યાન શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ૨૫ થી વધુ નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે. આ ભરતી મેળામાં ગાંધીનગર જિલ્લાની યુવતીઓ/મહિલાઓને ભાગ લેવા રોજગાર અધિકારી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રમણભાઈ નીલકંઠ વિશે રતિલાલ બોરીસાગર લિખિત પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિદ્યાસભા અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સાહિત્યકાર, સમાજ સુધારક અને અમદાવાદના જાહેરજીવનમાં અગ્રણી ફાળો આપનાર રમણભાઈ નીલકંઠ વિશે રતિલાલ બોરીસાગરે લખેલાં પુસ્તકનો વિશ્વકોશ ભવનમાં વિમોચન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પ્રમુખપદે ધીરુબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. રતિલાલ બોરીસાગરે ભદ્રંભદ્ર વિશે વાત કરી હતી અને અર્ચન ત્રિવેદી દ્વારા ભદ્રંભદ્રના વાચિકમની કરવામાં આવી હતી.